હવામાન

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૩.૦° સે. | ૨૬.૦° સે. |
| બારડોલી | ૩૨.૦° સે. | ૨૪.૦° સે. |
| ભરૂચ | ૩૪.૦° સે. | ૨૬.૦° સે. |
| વ્યારા | ૩૨.૦° સે. | ૨૪.૦° સે. |

# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪ બુધવાર ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬



## જોળવાની મિલમાં મશીનનું પ્રેશર વધતાં ગરમ પાણી ઊડ્યું, યુવાન દાઝ્યો

**સ્ટીમ** પ્રેશર વધવાના કારણે મશીનનો મુખ્ય દરવાજો ખૂલી ગયો

પલસાણા: પલસાણાના જોળવા ગામની ધનુધર કંપનીના ડાઈંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરતી વખતે મશીનનું સ્ટીમ પ્રેશર વધવાથી ઉકળતું ગરમ પાણી બહાર ઊડ્યું હતું. જેના કારણે ત્યાં કામ કરી રહેલો એક ૧૯ વર્ષીય શ્રમિક આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયો હતો. આ મામલે પલસાણા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે જાણ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત તા.૭/૯/૨૦૨૬ના રોજ બપોરે ૧૨ :૩૦ વાગ્યાના અરસામાં જો ળવાની ધનુધર કંપનીમાં આ બનાવ બન્યો હતો. કંપનીના ડાઈંગ ડિપાર્ટમેન્ટમાં આવેલા યુઝેટ મશીન પાસે મૂળ ઉત્તરપ્રદેશના અયોધ્યાનો વતની અને હાલ પલસાણાના જોળવા પંચાયત વિસ્તારની સુદર્શન સોસાયટીમાં રહેતો રવિકુમાર બરખુભાઇ યાદવ (ઉં.વ.૧૯) કામ કરી રહ્યો હતો. આ કામગીરી દરમિયાન અચાનક યુઝેટ મશીન ઉપર સ્ટીમ પ્રેશર વધવાના કારણે મશીનનો મુખ્ય દરવાજો ખૂલી ગયો હતો. દરવાજો ખૂલતા જ મશીનની અંદર રહેલું ગરમ પાણી પ્રેશર સાથે બહાર નીકળ્યું હતું અને સીધું જ રવિકુમાર પર પડ્યું હતું. ગરમ પાણી પડવાના કારણે આ યુવાન આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયો હતો. આ સમગ્ર ઘટના બાદ કામરેજના હલધરૂ ખાતે રહેતા અને મૂળ યુ.પી.ના વતની પ્રદીપભાઇ જયરામા ચૌબે (ઉં.વ.૪૪)એ પલસાણા પોલીસ મથકમાં બનાવની જાણ કરી હતી. પલસાણા પોલીસે આ ઘટના સંદર્ભે જાણવા જોગ નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હવે 'ચા' નહીં 'ચીની' ઉપર ચર્ચા કરો
# માંડવીમાં મોંઘવારી સામે કોંગ્રેસનો વિરોધ

**ખેડૂતો** અને સુગર ફેક્ટરીઓ જોતી રહી ગઈ ને વેપારીઓ મલાઈ મારી ગયા


હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકા મથક ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા 'ચા પે ચર્ચા નહીં, ચીની પે ચર્ચા'ના બેનર હેઠળ મોંઘવારી વિરોધી દેખાવો અને વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યાં હતાં. ખાંડના વધતા ભાવને લઈને માંડવી કોંગ્રેસના આગેવાનોએ સરકાર સામે આકરા પ્રહારો કરી સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોની મુશ્કેલીઓનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શનમાં સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદ ચૌધરી તથા જિલ્લા કોંગ્રેસ મહામંત્રી શાહાબુદ્દીન મલેક, તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતીશ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દેશમાં સતત વધી રહેલી મોંઘવારીના કારણે સામાન્ય માણસથી લઈને ગરીબ અને મધ્યમ વર્ગ મુશ્કેલીમાં મુકાયો હોવાનો કોંગ્રેસ આગેવાનોએ આક્ષેપ કર્યો હતો. ખાસ કરીને ખાંડના ભાવમાં થયેલા વધારાને કારણે રોજિંદા જીવનની ચા પણ મોંઘી બની હોવાનું જણાવી સરકારની નીતિઓ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

માંડવી ખાતે વિવિધ ચાર રસ્તા ખાતે 'ચા પે ચર્ચા નહીં, ચીની પે ચર્ચા'ના બેનર સાથે વિરોધ પ્રદર્શન કરાયું હતું. આ દરમિયાન કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ સામાન્ય ચાની દુકાનો પર પહોંચ્યા હતા અને ચાના ભાવમાં ખાંડના વધેલા ભાવની અસર અંગે દુકાનદારો તથા સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી હતી. કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, સરકારને ગરીબ અને મધ્યમ વર્ગની કોઈ ચિંતા નથી. મોંઘવારી એટલી વધી ગઈ છે કે હવે સામાન્ય માણસ માટે ચા પીવી પણ મુશ્કેલ બની રહી છે.

આગેવાનોના જણાવ્યા મુજબ હાલ સુગર ફેક્ટરીઓ અને ખેડૂતો પાસે ખાંડનો પૂરતો જથ્થો નથી, જ્યારે વેપારી વર્ગ પાસે ખાંડનો જથ્થો ઉપલબ્ધ છે. તેથી ખાંડના વધેલા ભાવનો સીધો લાભ ખેડૂતો કે સુગર ફેક્ટરીઓને મળતો નથી, પરંતુ વેપારી વર્ગને તેનો ફાયદો થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

### ભાજપ સરકારને હટાવવા માટે જનતાએ એકજૂટ થવું જોઈએ: આનંદભાઈ ચૌધરી

કોંગ્રેસે સરકારના ખેડૂતોની આવક બમણી કરવાના વચન અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા. ખાતર સહિત ખેતીમાં ઉપયોગી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાથી ખેડૂતો પર આર્થિક બોજ વધી રહ્યો હોવાનો આક્ષેપ કરી સરકારને ઘેરી હતી. જિલ્લા પ્રમુખ આનંદભાઈ ચૌધરી સહિતના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, મોંઘવારી સહિતના અનેક મોરચે નિષ્ફળ ગયેલી ભાજપ સરકારને હટાવવા માટે જનતાએ એકજૂટ થવું જોઈએ.

## સંક્ષિપ્ત સમાચાર

### કરચેલિયા હાઇસ્કૂલમાં 'ચંચલ-અમૃત સ્મૃતિ હોલ'નું લોકાર્પણ કરાયું



ભોરિયા: શ્રી સર્વોદય કેળવણી મંડળ, કરચેલીયા સંચાલિત ભૂ.ભી. સાર્વજનિક હાઇસ્કૂલ, શ્રીમતી એસ.પી.આર. શાહ પ્રાથમિક-માધ્યમિક શાળા, કરચેલીયા-વાંસકુઇ તથા શ્રી લ.સુ. પટેલ કે.જી. વિદ્યાલય ખાતે શૈક્ષણિક કેમ્પસમાં નવનિર્મિત 'ચંચલ-અમૃત સ્મૃતિ હોલ'નો ભવ્ય લોકાર્પણ સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ઉદઘાટક ડો.દિલીપભાઈ શાહ (U.S.A.), સમારંભ પ્રમુખ મિલનભાઈ પરીખ, મુખ્ય મહેમાન પ્રશાંતભાઈ દંડવતે તેમજ સંસ્થાના પ્રમુખ માનસિંહ પટેલ, ઉપપ્રમુખશ્રી અશોકભાઈ બી. શાહ, માનદ મંત્રી સુરેશભાઈ પી. શાહ, માનદ સહમંત્રી હિમાંશુભાઈ વી. પટેલ, માનદ કોષાધ્યક્ષ ડો.હિતેન્દ્રભાઈ એમ. વ્યાસ, આચાર્ય ગૌરાંગભાઈ જી. શાહ, આચાર્ય તુષારભાઈ આર. પ્રજાપતિ તેમજ સમગ્ર ટ્રસ્ટી મંડળ, વ્યવસ્થાપક સમિતિ, શાળાના આચાર્ય, શિક્ષકગણ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સાયણમાં ખેંચ આવતાં એકનું મોત

સાયણ: સાયણ ટાઉનના જાહેર રોડને અડીને એક હોન્ડા શો-રૂમ આવેલો છે. આ રોડ પરથી ગત તા.૪ના રોજ બપોરે ૨:૪૫ કલાકના સુમારે ૪૦થી ૪૫ વર્ષની એક અજાણ્યો પુરુષ સાઇકલ હંકારી પસાર થઇ રહ્યો હતો. તે સમયે તેને અચાનક ખેંચ આવી જતાં સાયકલ પરથી રોડ ઉપર પટકાયો હતો. જેથી બેભાન થઇ જતાં સારવાર અર્થે સુરત ખાતેની નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેનું ગત તા.૭ સપ્ટેમ્બરે સવારે મોત નીપજ્યું હતું. આ બાબતે પોલીસે હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ ઓલપાડ પોલીસ મથકના પીએસઆઇ ડી.બી.દેસાઇ કરી રહ્યા છે.

### પીપોદરા જીઆઇડીસીની દુકાનમાંથી યુવાનની લાશ મળી આવી

હથોડા: પીપોદરા જીઆઇડીસીમાં એક દુકાનમાંથી 40 વર્ષના કોઈ અજાણ્યા યુવાનની સડેલી હાલતમાં લાશ મળી આવી હતી. પાલોદ પોલીસે લાશનો કબજો લઈ પોસ્ટમોર્ટમ કરાવી મોતનું કારણ શોધવા તપાસ હાથ ધરી છે. ઘટનાની વિગત એવી છે કે, પીપોદરા જીઆઇડીસી ખાતે રાધે સિલ્વર ઇન્ડસ્ટ્રિઝમાં આવેલા સાગર કોમ્પ્લેક્સની દુકાન નંબર-14માંથી ભારે દુર્ગંધ આવતાં વિસ્તારના રહીશોએ પાલોદ પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ કરતાં દુકાનમાંથી સડેલી હાલતમાં આશરે 40 વર્ષના યુવાનની લાશ જોવા મળી હતી. જેનું મોત કયા કારણસર થયું એ જાણી શકાયું નથી. આ મામલે પીએસઆઇ એસ.ડી.ગોવાળિયાએ વધુ તપાસ હાથ ધરી છે.

### પલસાણામાં દુર્ગા કોલોની સામે અકસ્માતમાં નવસારીના આધેડનું મોત

પલસાણા: પલસાણા નજીક નેશનલ હાઇવે નં.૪૮ પર દુર્ગા કોલોની સામે અજાણ્યા વાહને અડફેટે લેતાં મોપેડ સવાર આધેડનું મોત નીપજ્યું હતું. નવસારીના હિદાયત નગરમાં રહેતા ૫૬ વર્ષીય રિયાઝ અહેમદ શેખ ઈટાળવા ખાતેથી કામ પતાવી મોપેડ નં.(GJ-21-BS-1153) પર ઘરે પરત ફરી રહ્યા હતા. એ સમયે પૂરઝડપે આવેલા અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારી ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા રિયાઝભાઈને હોસ્પિટલ પહોંચાડતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. પલસાણા પોલીસે ફરાર વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ધી પારડી ઝાંખરી, નેશ, કરંજ ગ્રુપ દૂધ મંડળીની 3 સીટની ચૂંટણીનું પરિણામ જાહેર


જયેશ પટેલ

સાયણ: ઓલપાડની ધી પારડી ઝાંખરી, નેશ, કરંજ ગ્રુપ દૂધ અને શાકભાજી વેચાણ કરનારી સહકારી મંડળીની વ્ય. સમિતિની કુલ ૧૦ પૈકી ૭ બેઠક બિનહરીફ થયા બાદ બાકીની ૩ બેઠક ઉપર યોજાયેલી ચૂંટણીના મતદાન બાદ પરિણામ જાહેર થતાં 'કહીં ખુશી કહીં ગમ'નો માહોલ જોવા મળ્યો હતો. આ મંડળીની પારડી ઝાંખરી સીટ ઉપર યોજાયેલી ચૂંટણીમાં થયેલા કુલ ૫૩ મતદારમાંથી ૫૨નું મતદાન થયું હતું અને ૨ મત રદ થયા હતા. જે બેઠક ઉપર યોગેશ વી.પટેલને ૩૨ મત અને જતીન ઉર્ફે જીતુ પટેલને ૧૮ મત મળતાં યોગેશ પટેલનો ૧૪ મતે વિજય થયો હતો. જ્યારે જીણોદ બેઠક ઉપર ૧૦૪ મતદારે ૧૦૦ ટકા મતદાન કરતાં પ્રદીપ જે.પટેલને ૫૪ મત અને સંદીપ એન.પટેલને ૪૮ મત મળતાં પ્રદીપ પટેલનો ૬ મતે વિજય થયો હતો. આ ઉપરાંત અનુ.જાતિ/અનુ. જનજાતિ સીટ ઉપર થયેલ કુલ ૨૯૭ના મતદાનમાંથી ૪ મત રદ થતા હતા. જેથી બાકીના ૨૯૩ મતમાંથી કરંજના ઉમેદવાર બાબુ રાઠોડને ૧૯૩ મત અને પારડી ઝાંખરીના રણજીત રાઠોડને ૧૦૦ મત મળતાં બાબુ રાઠોડનો ૯૩ મતે વિજય થયો હતો. મોટીનેશ સીટ પરથી જીજ્ઞેશ પી. પટેલ, નાની નેશ સીટ પરથી રમણભાઈ હરજીવન પટેલ, કમરોલી સીટ પરથી ભૂપેન્દ્ર જી. પટેલ, કરંજ સીટ પરથી કપિલ એમ.પટેલ (કરંજ) બિનહરીફ ચુંટાયા હતા. જ્યારે નાના સીમાંત ખેડૂત અનામત સીટ પરથી જીણોદના દેવેન્દ્ર આર. પટેલ તથા બે મહિલા અનામત સીટ પરથી જીણોદ ગામની શારદાબેન એન.પટેલ અને મોટીનેશ ગામની નયનાબેન એ.પટેલ બંને બિનહરીફ ચુંટાયા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલમાં કાર્યક્રમ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: ખરચની આદિત્ય બિરલા પબ્લિક સ્કૂલ (ABPS) ખાતે શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના જીવન અને ભવિષ્યના ઘડતરમાં શિક્ષકોના અમૂલ્ય યોગદાનને બિરદાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને ખ્યાતનામ શિક્ષણવિદ્ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનને શ્રદ્ધાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી, જેમની જન્મજયંતી શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઉજવણીનું મુખ્ય આકર્ષણ 'એક દિવસ માટે શિક્ષક' પહેલ રહી હતી. ત્યારબાદ સ્ટુડન્ટ કાઉન્સિલ દ્વારા શિક્ષકવૃંદના સન્માન માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે બિરલા સેલ્યુલોજિક, ખરચના નેતૃત્વ દ્વારા તમામ શિક્ષકોને શિક્ષક દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી અને વિદ્યાર્થીઓના ઘડતરમાં તેમની નિષ્ઠા અને પ્રતિબદ્ધતાની પ્રશંસા કરવામાં આવી હતી. શિક્ષકોના મૂલ્યવાન યોગદાનના માનરૂપે તેમને સ્મૃતિચિહ્નો અને ભેટો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શાળા દ્વારા વિજયેન્દ્ર બાબુ (પ્રેસિડન્ટ અને યુનિટ હેડ, બિરલા સેલ્યુલોજિક, ખરચ) તેમજ જિતેન્દ્ર પટેલ (ફંક્શનલ હેડ-HRM)નો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મળતા સતત માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહયોગ બદલ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### બારડોલીના વાંકાનેર ગામમાં પત્નીએ પૈસા ન આપતાં પતિનો આપઘાત

બારડોલી: વાંકાનેર ગામના વાડી ફળિયામાં રહેતા શંકરભાઈ જવલાભઈ ડામોર (ઉં.વ.૪૦)એ તેમની પત્ની સોનલબેન પાસે વાપરવા માટે પૈસા માંગ્યા હતા. જોકે, પત્નીએ પોતાની પાસે પૈસા નથી તેવો જવાબ આપતાં શંકરભાઈને મનમાં લાગી આવ્યું હતું. જેના પગલે તેમણે ૬ સપ્ટેમ્બરે રાત્રિના ૧૧ વાગ્યાથી ૭ સપ્ટેમ્બર સવારના ૭ વાગ્યાના અરસામાં વાડી ફળિયા સામે પુલ નજીક એક ઝાડ સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે શાહીન શંકરભાઈ હળપતિ (ઉં.વ.૧૯) દ્વારા ૭ સપ્ટેમ્બરે સવારે ૧૦:૧૫ વાગ્યે બારડોલી રૂરલ પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ બારડોલી રૂરલ પોલીસે ઘટના સ્થળે પહોંચી અકસ્માત મોત નોંધી કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ સમગ્ર મામલાની વધુ તપાસ એ.એસ.આઈ. જયદેવભાઇ રાણાભાઇ ચલાવી રહ્યા છે.

### માંડવીના બૌધાન નજીક કારમાંથી રૂ.4.14 લાખનો દારૂ ઝડપાયો


હિતેશ પટેલ

માંડવી: સુરત LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, એક હ્યુન્ડાઇ ક્રેટા કારમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે બૌધાન ગામ નજીક વોચ ગોઠવી શંકાસ્પદ કાર નં.(GJ-17-DS-1735)ને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોલીસને જોઈ કારમાં સવાર બુટલેગરો વાહન મૂકી અંધારાનો લાભ લઈને નાસી છૂટ્યા હતા. પોલીસે કારની તપાસ કરતાં તેમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂ તેમજ બિયરની બોટલો મળી આવી હતી. જેની અંદાજિત કિં.રૂ.4,14,000 થાય છે. પોલીસે રૂ.10 લાખની કિંમતની ક્રેટા કાર તથા દારૂનો જથ્થો મળી કુલ રૂ.14,19,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે સ્થાનિક પોલીસ મથકે ગુનો નોંધી ફરાર બંને આરોપીની ધરપકડ કરવા માટે ચક્રો ગતિમાન કર્યાં છે. આ દારૂનો જથ્થો ક્યાંથી લવાયો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી હતી.

## સરભોણમાં ગાડીમાં બેસવાની ના પાડતાં મિત્રનો યુવક પર ચપ્પુથી હુમલો

**વિકાસે** મિત્ર રાહુલને લેવા માટે બોલાવ્યો હોવાનું કહેતાં રોહિત ઉશ્કેરાઈ ગયો



બારડોલી: બારડોલીના સરભોણ ગામ પાસે ગાડીમાં બેસવા બાબતે બોલાચાલી થતાં મિત્રએ બીજા મિત્રની છાતીમાં ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા.

મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ સુરતના પાંડેસરાના નેમનગર ખાતે રહેતા ૨૯ વર્ષીય વિકાસ રૂપેન્દ્ર તિવારી મમતા ક્લિનિકમાં આરોગ્ય કર્મચારી તરીકે નોકરી કરે છે. ગત તા.૬ સપ્ટેમ્બરે બપોરે તેમનો મિત્ર રોહિત મુન્ના તિવારી અને અન્ય એક મિત્ર નંદનપાલ વિકાસને તેમની ફોર વ્હીલર ગાડીમાં બારડોલીના સરભોણ ગામે જમવા માટે લઈ ગયા હતા. જમી લીધા બાદ સાંજે સાડા ચારેક વાગ્યાના સુમારે વિકાસ એકલો જ ચાલતો ચાલતો ઘરે જવા નીકળ્યો હતો. આ સમયે સરભોણના પથરાડીયા ચાર રસ્તા પાસે રોહિત અને નંદનપાલ ગાડી લઈને આવ્યા હતા અને વિકાસને ગાડીમાં બેસી જવા માટે દબાણ કર્યું હતું. વિકાસે પોતાના અન્ય મિત્ર રાહુલ રાજપૂતને લેવા માટે બોલાવ્યો હોવાનું જણાવી ગાડીમાં બેસવાનો ઈનકાર કર્યો હતો. આ વાતથી રોહિત એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને 'તારે તો મારી સાથે જ મારી ગાડીમાં બેસવું પડશે' તેમ કહીને વિકાસ સાથે લડાઈ-ઝઘડો શરૂ કર્યો હતો. રોહિતે વિકાસને મોંના ભાગે તમાચો મારી ઝપાઝપી કરી હતી. ત્યારબાદ પોતાની ગાડીમાંથી ચપ્પુ કાઢી વિકાસની છાતીના ભાગે મારી ગંભીર ઈજા પહોંચાડી હતી.

હુમલો કર્યા બાદ જતાં જતાં આરોપી રોહિતે વિકાસને એવી ધમકી આપી હતી કે જો તે પાંડેસરા ખાતે ઘરે આવશે તો તેને જાનથી મારી નાંખીશ. ઈજાગ્રસ્ત અને લોહીલુહાણ હાલતમાં વિકાસે પોલીસ હેલ્પલાઈન ૧૧૨ પર ફોન કરી મદદ માંગી હતી. મિત્ર રાહુલે વિકાસને તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો હતો, જ્યાં તેને છાતીના ભાગે ત્રણ ટાંકા આવ્યા હતા.

આ અંગે વિકાસ તિવારીની ફરિયાદના આધારે બારડોલી રૂરલ પોલીસે આરોપી રોહિત મુન્ના તિવારી સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### સોનગઢમાં ઘરફોડ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલાયો

સોનગઢ: સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એપ્રિલ-૨૦૨૬ દરમિયાન નોંધાયેલા ઘરફોડ ચોરીના બેઅનડિટેક્ટ ગુનાઓનો LCB અને પેરોલ ફર્લો સ્ક્વોડે પર્દાફાશ કર્યો છે. આ તપાસમાં સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવી હતી. તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે વ્યારાના નવા બસ સ્ટેન્ડ પાસેથી કમલેશભાઈ બધીયા ભાઈપલાસ (રહે.,ગરબાડા, દાહોદ)ની અટકાયત કરી હતી. પૂછપરછમાં તેણે પોતાના અન્ય બે સાથીદાર સાથે મળી સોનગઢ વિસ્તારમાં મજૂરીકામ દરમિયાન બંધ મકાનોની રેકી કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રોકડા રૂ.૪,૫૭૦નો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સંડોવાયેલા અન્ય બે વોન્ટેડ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

### કડોદરા નજીક અકસ્માતમાં એકનું મોત

પલસાણા: કડોદરાથી નિયોલ જતા કેનાલ રોડ પર કીર્તિપ્રદા મિલ પાસે ૬ સપ્ટેમ્બરે રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં પારનેરા ડુંગરે દર્શન કરીને મોટરસાઈકલ નં.(GJ-05-TY-0533) પર પરત ફરી રહેલા બે યુવાન સામે અચાનક સાઈકલ ચાલક આવી જતાં બાઈક ચાલકે કાબૂ ગુમાવ્યો હતો. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા કિરીટભાઈ શ્યામભાઈ ભારતી (રહે.,ખારી, તા.રાજુલા, જિ.અમરેલી)નું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે પાછળ બેઠેલા જયદીપગિરિ ગોસ્વામી (રહે., કુબેરનગર સોસાયટી, સુરત) ઈજાગ્રસ્ત થતાં તેમને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

### બાબેનમાં પાવરની દવા પીતાં એકનું મોત

બારડોલી: બારડોલીના બાબેન સ્થિત સુકન રેસિડેન્સીમાં રહેતા મૂળ રાજસ્થાનના ૨૨ વર્ષીય યુવક ભાવેશ મિશરીલાલ ભાટીએ ગત ૬ સપ્ટેમ્બરે અગમ્ય કારણોસર પાવરની દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતાં પિતા મિશરીલાલે તેને તુરંત બાબેનની ટેક્ષાસ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તબીબોએ મૃત જાહેર કર્યો હતો. જવાનજોધ પુત્રના અકાળે મોતથી પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો છે. આ અંગે પિતાની જાણના આધારે બારડોલી ટાઉન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી, આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ વિજયભાઈએ વધુ તપાસ આદરી છે.

## મઢી સુગર ચૂંટણી: ફોર્મ ચકાસણી પૂર્ણ, ૧૬ બેઠક માટે ૫૯ ઉમેદવાર

**આગામી** ૧૦ સપ્ટેમ્બર સુધીમાં ઉમેદવારી પાછી ખેંચી શકાશે

બારડોલી: દક્ષિણ ગુજરાતની અગ્રણી સંસ્થા શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં રાજકીય માહોલ ગરમાયો છે. ચૂંટણી અધિકારી અને નાયબ કલેક્ટર દ્વારા ઉમેદવારી પત્રોની ઝીણવટભરી ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ ચકાસણીના અંતે કુલ ૧૭ ઝોન માટે ૫૯ ઉમેદવારનાં ફોર્મ માન્ય રાખવામાં આવ્યાં છે.

આ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન એક બેઠકનું પરિણામ અગાઉથી જ સ્પષ્ટ થઈ ગયું છે. ઝોન નંબર ૧૪ (બિન ઉત્પાદક સામાન્ય સભાસદ સહકારી મંડળીના પ્રતિનિધિ)ની બેઠક પર સિધ્ધાર્થ અમરસિંહ ચૌધરીનું એકમાત્ર ફોર્મ માન્ય રહેતાં તેઓ બિનહરીફ જાહેર થયા છે. આથી હવે ૧૭માંથી બાકી રહેલી ૧૬ બેઠક પર જ મતદાન યોજાશે.

નિર્ધારિત ચૂંટણી સમયપત્રક અનુસાર ઉમેદવારો આગામી ૧૦ સપ્ટેમ્બર સુધીમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૧૧મી સપ્ટેમ્બરે મેદાનમાં રહેલા અંતિમ ઉમેદવારોની સત્તાવાર યાદી બહાર પાડવામાં આવશે, જેનાથી ચૂંટણીના સમીકરણોનું સાચું ચિત્ર સ્પષ્ટ થશે. ત્યારબાદ ૨૦મી સપ્ટેમ્બરના રોજ સભાસદો દ્વારા મતદાન કરવામાં આવશે.

### ઝોન મુજબ માન્ય ઉમેદવારોની સ્થિતિ

સૌથી વધુ રસાકસીવાળા વિસ્તારોમાં હરિપુરા, માંડવી-૧ અને માંડવી-૨નો સમાવેશ થાય છે, જ્યાં દરેકમાં ૭-૭ ઉમેદવાર મેદાનમાં છે. મઢી અને માંગરોળ-વાલિયા ઝોનમાં ૫-૫ ઉમેદવાર માન્ય ઠર્યા છે. બાજીપુરા, વાંકાનેર, નિઝર અને વરાડમાં 3-3 ફોર્મ માન્ય રહ્યાં છે. ઉપરાંત વાલોડ, પલસોદ, વ્યારા-૧ અને વ્યારા-૨ માં ૨-૨ ઉમેદવારો વચ્ચે સીધો મુકાબલો થવાની સંભાવના છે. અનામત બેઠકોની પરિસ્થિતિ પર નજર કરીએ તો, જૂથ ૧થી ૭ની મહિલા સભાસદ-૧ બેઠક પર ૨ અને જૂથ ૮થી ૧૩ની મહિલા સભાસદ-૨ બેઠક પર ૩ ઉમેદવાર નોંધાયા છે. જ્યારે તમામ જૂથો માટેની અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિની અનામત બેઠક માટે ૨ ઉમેદવારનાં ફોર્મ માન્ય રાખવામાં આવ્યાં છે. ઝોન ૧૪ની બેઠક અગાઉ જણાવ્યા મુજબ બિનહરીફ રહી છે.

## કડોદરામાં કારે બાઈકને અડફેટે લેતાં યુવકનું મોત

પલસાણા: વાંકાનેડામાં કાર અને હોન્ડા સાઈન બાઈક વચ્ચે સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું.

કડોદરા ખાતે રહેતા અને નિયોલની ટ્રાન્સપોર્ટ કંપનીમાં કામ કરતા મોનુકુમાર શર્મા (ઉં.વ.૨૮) અને રાજેશ પ્રજાપતિ બાઈક નં.(GJ-19-BP-2391) પર નોકરીએ જઈ રહ્યા હતા. વાંકાનેડા કેનાલ પાસે બાઈક ધીમી પાડતા પૂરપાટ ઝડપે આવેલી નેકસોન કાર નં.(GJ-05-RX-5805)ના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં મોનુકુમારને ઈજા થઈ હતી, જ્યારે ગંભીર રીતે ઘવાયેલા રાજેશ પ્રજાપતિનું સુરતની કિરણ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

Milano MULTIPLEX
બારડોલી
Mirzapur : The Movie
11:00am, 12:00pm, 02:00pm, 04:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Toxic
10:00am
Hanuman Ansh
03:00pm, 06:30pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

**ગ્રામ પંચાયત કોઠવા**
મૂપો. કોઠવા તા. માંગરોળ જી. સુરત

આથી કોઠવા ગ્રામ પંચાયતની જાહેર જનતાને જણાવવાનું કે જન્મ - મરણ રજીસ્ટરોનું પુનર્ગઠન કરવાની કામગીરી થતી હોય તમામ ગ્રામજનોને વર્ષ 1977 થી 2010 જુના જન્મ પ્રમાણપત્રો અને વર્ષ 1977 થી 2010 જુના મરણના પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજી પુરાવા ગ્રામ પંચાયત કોઠવા ખાતે રજૂ કરી નવા જન્મ / મરણ પ્રમાણપત્ર મેળવી લેવા આથી જણાવવામાં આવે છે. આ જાહેરનામું પ્રસિદ્ધ કરવાના દિનથી ૬( છ ) માસ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાની થતી હોય સમય મર્યાદામાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કરી નવા જન્મ મરણ પ્રમાણપત્રો મેળવી લેવા આથી જણાવવામાં આવે છે.

સ્થળ : કોઠવા
તારીખ : 09/09/2026

સરપંચ : અશોકભાઈ લલ્લુભાઈ વસાવા
કોઠવા ગ્રામ પંચાયત
તા. માંગરોળ જી. સુરત

તલાટી કમ મંત્રી : ચિંતનભાઈ સોલંકી.
કોઠવા ગ્રામ પંચાયત
તા. માંગરોળ જી. સુરત